# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

કોમન પ્રવેશ પરીક્ષા-૨૦૨૬-૨૭ વધારાનું જાહેરનામું

**Common Entrance Test (CET) 2026-27 Addition Notification**

**જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સ તથા ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી સંચાલિત (એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કુલ અને સૈનિક શાળા)માં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટેની**

**કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)-2026**

---

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CET/2026/13729 – 14029 તા.04/12/2025

વંચાણે લીધા:-

1. રાજય પરીક્ષા બોર્ડના તા.૦૧/૧૨/૨૦૨૫ના જાહેરનામા ક્ર: રાપબો/CET/2026/૧૩૮૦૨-૯૦૩
2. કાર્યપાલક નિયામકશ્રી, **GSTEM** કચેરીનો તા.૦૨/૧૨/૨૦૨૫નો પત્રાંક:ફાનં.ટીડી/ ઇએમઆરએસ/ ૨૦૨૫/૮૩૩

આમુખ-1 અન્વયે રાજય પરીક્ષા બોર્ડના તા.૦૧/૧૨/૨૦૨૫ના કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) – ૨૦૨૬નું જાહેરનામું તા.૦૧/૧૨/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ જાહેરનામામાં સમગ્ર શિક્ષા કચેરીના ઓનલાઇન પોર્ટલ **https://web.convegenius.ai/chat** પરથી તા.**02/12/2025** થી **15/12/2025** દરમ્યાન આ પ્રવેશ પરીક્ષાના આવેદન પત્રો ઓનલાઇન ભરાવવા અંગેની પ્રક્રિયા હાલ કાર્યરત છે.

આમુખ-2 અન્વયે કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી કચેરીના પત્રથી ગત્ વર્ષની જેમ વર્ષ ૨૦૨૬-૨૭માં લેવાનાર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ના મેરીટના આધારે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ (એકલવ્ય મોડલ રેસીડેન્સિયલ સ્કુલ્સ (EMRS) અને સૈનિક શાળા)માં મેરીટમાં સમાવેશ થયેલ આદિજાતિ વિદ્યાર્થીઓને ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવનાર છે. આ માટે કોઇ અલગથી પરીક્ષા લેવામાં આવશે નહિ. પરંતુ આ જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ના મેરીટના આધારે આ શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની ધોરણ-૬માં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)માં ગત્ વર્ષ અનુસાર ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ માં સમાવેશ કરવામાં આવે છે. તથા આમુખ-૧ ના જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર રહેવા માટે માટે http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.

અધ્યક્ષ<br>
રાજય પરીક્ષા બોર્ડ<br>
ગાંધીનગર

તારીખ:04/12/2025<br>
સ્થળ:ગાંધીનગર

નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (સબંધિત શાળાઓને જાણ કરવા સારૂ) તમામ. (શાસનાધિકારીશ્રી તમામ)
- સ્ટેટ એમ.આઇ.એસ., વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.

(P.T.O.)

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.